**ઉભરાટથી દાંતી સુધી મરીન કમાન્ડોનું પેટ્રોલિંગ, શંકાસ્પદ શખ્સો અને વાહનોની ચકાસણી**

# નવસારીના દરિયાકાંઠે ‘હાઈ એલર્ટ’

**મરીન** ટાસ્ક ફોર્સનો સઘન કડક ચેકિંગ ડ્રાઇવ

**ડ્રગ્સ** હેરાફેરી, દરિયાઈ ઘૂસણખોરી અને ડ્રોન જાસૂસી સામે ખાડી વિસ્તારોમાં સર્ચ ઓપરેશન



નવસારી : પશ્ચિમ એશિયામાં ઉભી થયેલી તંગ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગુજરાતના દરિયાકાંઠા પર સુરક્ષા એજન્સીઓ સંપૂર્ણ એલર્ટ પર મુકાઈ છે. નવસારી જિલ્લાના દરિયાકાંઠા વિસ્તારમાં આતંકવાદી પ્રવૃત્તિઓ, દરિયાઈ માર્ગે થતી ઘૂસણખોરી તેમજ ડ્રગ્સની હેરાફેરીને અટકાવવા માટે મરીન ટાસ્ક ફોર્સ દ્વારા સઘન કોસ્ટલ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

રાજ્યના એ.ટી.એસ. અને કોસ્ટલ સિક્યુરિટી વિભાગના એડિશનલ ડીજીપી અમિતકુમાર વિશ્વકર્મા તથા વરિષ્ઠ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ૫ માર્ચ ૨૦૨૬ના રોજ આ વિશેષ ઓપરેશન અમલમાં મૂકાયું હતું. નવસારી સેક્ટરના પોલીસ ઈન્સ્પેક્ટર યુ.જે. પટેલ અને મરીન કમાન્ડોની ટીમોએ ઉભરાટથી દાંતી સુધીના સમગ્ર દરિયાકાંઠા વિસ્તારમાં સંયુક્ત રીતે પેટ્રોલિંગ કરી સુરક્ષાની ચાંપતી નજર રાખી હતી.

મરીન કમાન્ડોની અલગ-અલગ ‘હિટ ટીમો’ બનાવી દરિયાકાંઠા પર ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન દરિયાકાંઠા આસપાસ ફરતા શંકાસ્પદ શખ્સોની પૂછપરછ કરવામાં આવી અને વાહનોનું સઘન ચેકિંગ હાથ ધરાયું હતું. ઉપરાંત દરિયામાં કોઈ શંકાસ્પદ બોટ કે અજાણી ચીજવસ્તુ દેખાય તો તરત કાર્યવાહી કરી શકાય તે માટે સતત નજર રાખવામાં આવી હતી.

ઉપરાંત દરિયાકાંઠાના ખાડી વિસ્તાર, સુનસાન અને અવાવરુ સ્થળોએ પણ સર્ચ ઓપરેશન ચલાવવામાં આવ્યું હતું, જેથી જો ક્યાંય નશીલા પદાર્થો અથવા ડ્રગ્સના પેકેટ્સ છુપાવવામાં આવ્યા હોય તો તેને ઝડપી શોધી શકાય. સુરક્ષા એજન્સીઓએ સ્થાનિક માછીમારો અને દરિયાકાંઠા નજીક રહેતા નાગરિકોને પણ સજાગ રહેવા અપીલ કરી છે.

# સુબીરમાં પીવાના પાણીનો પોકાર

**યોજનાના** કર્મચારીઓને છેલ્લા બે મહિનાથી પગાર નહીં મળતા કર્મચારીઓ ૪ થી ૫ દિવસથી હડતાળ પર



ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાના સુબીર તાલુકાના અંતરિયાળ ગામડાઓમાં છેલ્લા કેટલાક દિવસોથી પીવાના પાણીની ગંભીર કટોકટી સર્જાઈ છે. સુબીર તાલુકાના કાંગર્યામાળ (બરડા ફળિયું, ભેદ ફળિયું) અને જારસોલ ગામમાં પીવાના પાણીનો સપ્લાય સંપૂર્ણપણે ઠપ્પ થઈ જતા ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ મામલે આજે સોશિયાલિસ્ટ યુનિટી સેન્ટર ઓફ ઈન્ડિયા (કમ્યુનિસ્ટ) એટલે કે SUCI (C) ની ડાંગ જિલ્લા સાંગઠનિક કમિટી દ્વારા મામલતદાર સુબીરને લેખિતમાં આવેદનપત્ર પાઠવી તાત્કાલિક ઉકેલ લાવવા માંગ કરવામાં આવી છે. આવેદનપત્રમાં જણાવ્યા મુજબ, જારસોલ પાણી પુરવઠા યોજના અંતર્ગત આ ગામોમાં પાણી પહોંચાડવામાં આવતુ હતુ. પરંતુ આ યોજનામાં કાર્યરત કર્મચારીઓને છેલ્લા બે મહિનાથી માસિક પગાર ભથ્થુ ચૂકવવામાં આવ્યુ નથી. વ્યાજબી વેતનની માંગ સાથે આ કર્મચારીઓ છેલ્લા ૪ થી ૫ દિવસથી હડતાળ પર ઉતરી ગયા છે. જેના કારણે પાણી પુરવઠો ખોરવાયો છે. પાણી વગર માત્ર મનુષ્યો જ નહીં પરંતુ અબોલ પશુઓની હાલત પણ દયનીય બની છે. ઉનાળાની શરૂઆતે જ પીવાના પાણીની આટલી મોટી અછત સર્જાતા ગ્રામજનોમાં ભારે હાલાકી પડી રહી છે. જારસોલ અને કાંગર્યામાળના વિવિધ ફળિયાઓમાં પીવાના પાણીની તીવ્ર તંગી વરતાઈ રહી છે. હાલમાં SUCI (C) ના અગ્રણીઓ રઘુનાથ બાગુલ, રામદાસ પવાર અને શિવદાસ પવાર દ્વારા આપવામાં આવેલા આવેદનપત્રમાં પાણી પુરવઠાના હંગામી કર્મચારીઓના પગારમાં વધારો કરી તેમના આંદોલનનો સુખદ અંત લાવવામાં આવે, કર્મચારીઓને છેલ્લા બે મહિનાનો બાકી પગાર તાત્કાલિક ચૂકવવામાં આવે, ગામલોકોને પીવાનું પાણી વહેલી તકે મળે તેવી વૈકલ્પિક વ્યવસ્થા અથવા હડતાળ સમેટીને સપ્લાય શરૂ કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી.

**આંદોલન વધુ તેજ બનવાની શક્યતા**

સંગઠને સ્પષ્ટપણે જણાવ્યું છે કે તેઓ પાણી પુરવઠા કામદારોની હડતાળ અને તેમની વ્યાજબી માંગણીઓને સંપૂર્ણ સમર્થન આપે છે. SUCI (C) દ્વારા મામલતદારને વિનંતી કરવામાં આવી છે કે આ પ્રશ્ન માત્ર વહીવટી નથી પણ માનવીય છે. જો તાત્કાલિક ધોરણે પાણીની વ્યવસ્થા કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં આંદોલન વધુ તેજ બનવાની શક્યતા જણાવી છે. હવે જોવાનું એ રહેશે કે તંત્ર દ્વારા આ બાબતે કેટલી ઝડપથી પગલા લેવામાં આવે છે.

# નવસારીમાં T-20 વર્લ્ડ કપ 2026નું લાઈવ પ્રસારણ

**લુન્સીકુઈ** ગ્રાઉન્ડમાં વિશાળ LED સ્ક્રીન પર મેચનો આનંદ માણવા મળશે




નવસારી : નવસારી મહાનગરપાલિકા દ્વારા ક્રિકેટપ્રેમીઓ માટે ખાસ આયોજન કરવામાં આવ્યું છે. T-20 વર્લ્ડ કપ 2026ની મેચોનું ભવ્ય જીવંત પ્રસારણ નવસારીના લુંસીકુઈ ગ્રાઉન્ડ ખાતે વિશાળ LED સ્ક્રીન પર કરવામાં આવશે. શહેરના ક્રિકેટપ્રેમીઓ એકત્રિત થઈને ટીમ ઈન્ડિયાને ઉત્સાહપૂર્વક સપોર્ટ કરી શકે તે માટે આ ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.

આ કાર્યક્રમ સાંજે 6:30 વાગ્યાથી શરૂ થશે અને મેચ પૂર્ણ થાય ત્યાં સુધી ચાલુ રહેશે. વિશાળ LED સ્ક્રીન પર મેચનું લાઇવ પ્રસારણ થવાને કારણે દર્શકોને સ્ટેડિયમ જેવી મજા અનુભવવાની તક મળશે. આ આયોજનનો મુખ્ય હેતુ શહેરના ક્રિકેટપ્રેમીઓને એક સાથે જોડીને ક્રિકેટનો ઉત્સાહભર્યો માહોલ ઉભો કરવાનો છે.

નવસારી મહાનગરપાલિકાએ શહેરના તમામ ક્રિકેટપ્રેમીઓને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી ટીમ ઈન્ડિયાને ઉત્સાહ આપવા માટે આમંત્રણ આપ્યું છે. લુંસીકુઈ ગ્રાઉન્ડ ખાતે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી ક્રિકેટનો રોમાંચક અનુભવ માણે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

# નવસારીમાં પ્લાસ્ટિક વિરોધી રેડ દરમિયાન હંગામો

**પાલિકા** ટીમ પર ઇકો કાર ચડાવવાનો પ્રયાસ, વિડીયો વાયરલ

**માજી** કારોબારી ચેરમેનની ‘દોઢ મહિનો પછી જોઈ લઈશ’ ચીમકી ચર્ચામાં

**કર્મચારીઓના જીવ જોખમમાં મુકવાના આક્ષેપ**

ઘટનાની જાણ થતાં પોલીસ પણ સ્થળ પર પહોંચી હતી. સમગ્ર બનાવને પગલે સરકારી કામગીરીમાં અવરોધ ઉભો કરવા અને કર્મચારીઓના જીવ જોખમમાં મુકવાના આક્ષેપ સાથે મહાનગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર વિશાલ રાઠોડ દ્વારા નવસારી ગ્રામ્ય પોલીસ મથકે લેખિત અરજી આપવામાં આવી છે. જોકે નોંધનીય બાબત એ છે કે પાલિકાની અરજીમાં કેટલાક નામોનો ઉલ્લેખ ન હોવાથી શહેરમાં ચર્ચાઓ વધુ તેજ બની છે.

નવસારી : નવસારી શહેરના વિરાવળ જુના જકાતનાકા નજીક આવેલા એપીએમસી માર્કેટ વિસ્તારમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક સામે કાર્યવાહી કરવા ગયેલી નવસારી મહાનગરપાલિકાની ટીમ સાથે સર્જાયેલા બખેડાએ શહેરમાં ભારે ચકચાર મચાવી છે. કાર્યવાહી દરમિયાન ઉગ્ર બોલાચાલી, બેફામ ગાડી દોડાવવાનો પ્રયાસ અને ધમકીભર્યા શબ્દોના વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં સમગ્ર મામલો ચર્ચાના કેન્દ્રમાં આવી ગયો છે.

માહિતી મુજબ મહાનગરપાલિકાની સ્પેશિયલ એનફોર્સમેન્ટ ટીમ એપીએમસી માર્કેટની દુકાન પર તપાસ કરવા પહોંચી હતી. ટીમ પહોંચતા જ દુકાનની બહાર ઉભેલી એક ઈકો કારમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકની થેલીઓનો જથ્થો ઉતાવળમાં ખસેડવાની કામગીરી ચાલી રહી હોવાનું સામે આવ્યું હતું. પાલિકાની ટીમ અચાનક સામે આવતા કાર ચાલક ગભરાઈ ગયો હતો અને પકડાઈ જવાના ડરથી ગાડી બેફામ રીતે દોડાવી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન કાર મહાનગરપાલિકાના કર્મચારીઓ તરફ દોડાવવામાં આવી હોવાનું કહેવાય છે. સદનસીબે કર્મચારીઓએ સમયસૂચકતા દાખવી બાજુએ ખસી જતા મોટી દુર્ઘટના ટળી ગઈ હતી, પરંતુ બેકાબૂ બનેલી ઈકો કાર પાલિકાની સરકારી ગાડી સાથે અથડાતા વાહનને નુકસાન થયું હતું.

આ દરમિયાન વેપારીઓ અને પાલિકા ટીમ વચ્ચે બોલાચાલી સર્જાઈ હતી. ઘટનાક્રમ વચ્ચે વોર્ડ નંબર-૨ના માજી નગરસેવક અને માજી કારોબારી ચેરમેન પિયુષ ગજેરા સ્થળ પર પહોંચતા વાતાવરણ વધુ ગરમાયું હોવાનું જાણવા મળે છે.

# ઈન્સ્ટાગ્રામ પર રીલ્સ જોઈ સુરતથી વાંસદા ચોરી કરવા ગયેલા બે ઝડપાયા

**જાહેરસભામાં** ખિસ્સું કાપતા રંગેહાથ પકડાયા, બે યુવાન ૨૫,૦૦૦ રોકડા લઇ ભાગી ગયા

વાંસદાઃ સોશિયલ મીડિયાનો ઉપયોગ હવે ગુનાહિત પ્રવૃત્તિઓ માટે પણ થઈ રહ્યો હોવાનો કિસ્સો વાંસદામાં પ્રકાશમાં આવ્યો છે. ઈન્સ્ટાગ્રામ પર વાંસદા તાલુકાના આગામી કાર્યક્રમોની રીલ્સ જોઈને સુરતથી ચોરી કરવા આવેલી ચાર શખ્સોની ટોળકીમાંથી બે યુવાનો ઝડપાઈ ગયા છે, જ્યારે અન્ય બે સાગરીતો ૨૫,૦૦૦ની રોકડ સાથે ફરાર થઈ ગયા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, સુરતના પર્વત પાટિયા, ડિંડોલી અને લિંબાયત વિસ્તારના ચાર યુવાનો મોહમ્મદ તાહિર શેખ, રાજેશ પાટીલ, ભૂષણ ઠાકુર અને મુન્ના રિક્ષા લઈને વાંસદા આવ્યા હતા. તેઓએ સૌ પ્રથમ રાણી ફળિયામાં બ્લડ બેંકના ઉદ્ઘાટનમાં હાજરી આપી હતી. ત્યારબાદ બપોરે ૨:૩૦ કલાકે સરા ગામે ક્રિકેટ મેદાન પર મહાનુભવોના ભાષણ દરમિયાન ભીડનો લાભ લઈ ચોરીનો પ્રયાસ કર્યો હતો.

ખરજઈ ગામના રતિલાલભાઈ ગામીત જ્યારે ભાષણ સાંભળી રહ્યા હતા, ત્યારે મોહમ્મદ તાહિરે તેમના ખિસ્સામાંથી ૨૫,૦૦૦ રૂપિયા કાઢીને સાગરીત મુન્નાને પકડાવી દીધા હતા. જોકે, રતિલાલભાઈને તુરંત જાણ થતા તેમણે મોહમ્મદને પકડી પાડ્યો હતો.

ઘટનાસ્થળે હાજર પોલીસ બંદોબસ્તના જવાનોએ સતર્કતા દાખવી રાજેશ પાટીલને પણ ઝડપી લીધો હતો. જોકે, રોકડ રકમ લઈને ભૂષણ ઠાકુર અને મુન્ના તક જોઈને ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા. હાલ પોલીસે પકડાયેલા શખ્સો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને ફરાર આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

# વાડા ગામની જમીન મામલે ખોટા દસ્તાવેજોથી છેતરપિંડીનો આક્ષેપ

**યતીમખાના** ટ્રસ્ટની જમીન મામલે તપાસ કરી કાયદેસર કાર્યવાહીની માગ સાથે નવસારી એસપી સમક્ષ ફરિયાદ

નવસારી : જલાલપોર તાલુકાના વાડા ગામની જમીન મામલે ખોટા દસ્તાવેજો બનાવી છેતરપિંડી કરવામાં આવી હોવાનો આક્ષેપ સામે આવ્યો છે. આ અંગે સુરત ઈસ્લામ યતીમખાના સોસાયટીના જોઈન્ટ સેક્રેટરી મોહંમદ નદીમ એ. શેખ દ્વારા નવસારી જિલ્લા પોલીસ વડાને લેખિત ફરિયાદ આપી સમગ્ર મામલે તપાસ કરી જવાબદાર લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ સુરત ઈસ્લામ યતીમખાના સોસાયટી લાંબા સમયથી અનાથ અને નિરાધાર બાળકોના ભરણપોષણ, શિક્ષણ અને સંભાળ માટે સેવાકીય કામગીરી કરતી સંસ્થા છે. સંસ્થાની માલિકીની કેટલીક મિલ્કતો નોંધાયેલી છે, જેમાં નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના વાડા ગામે આવેલી જમીનનો પણ સમાવેશ થાય છે. આ જમીન જૂના સરવે નંબર 52 તથા નવા બ્લોક નંબર 27 તરીકે નોંધાયેલી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

ફરિયાદી મુજબ કેટલાક લોકોએ ખોટા દસ્તાવેજો તૈયાર કરી આ જમીન પર ગેરરીતે માલિકી દર્શાવવાનો પ્રયાસ કર્યો છે. ફરિયાદમાં અમીનાબેન યુસુફભાઈ મહંમદની વિધવા, મહંમદ સકી યુસુફભાઈ પટેલ અને છગનલાલ શંભુભાઈ રાદડિયા સહિતના લોકોના નામ ઉલ્લેખવામાં આવ્યા છે. આરોપીઓ દ્વારા દસ્તાવેજોમાં ગેરરીતિ કરી જમીન અંગે સોદા કરવાની કોશિશ કરવામાં આવી હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે ખોટા દસ્તાવેજોના આધારે જમીન અંગે કબજો મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ સમગ્ર મામલે દસ્તાવેજી છેતરપિંડી થઈ હોવાનો ઉલ્લેખ કરી ગુનો નોંધવાની માંગ કરી છે.

ફરિયાદી દ્વારા રજૂ કરાયેલા દસ્તાવેજો અને પુરાવાઓના આધારે સમગ્ર મામલે વિગતવાર તપાસ હાથ ધરી જવાબદાર લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

# છીરીમાં ‘ધક્કો કેમ માર્યો’ કહી બે ઈસમોનો પિતા અને પુત્ર પર હુમલો

વાપી : વાપી છીરીમાં ધૂળેટીની ઉજવણી દરમિયાન બે ઈસમોએ ધક્કો કેમ માર્યો કહી ઝઘડો કરી પિતા તથા બે પુત્રોને લાકડાથી ફટકાર્યા હતા. છીરી, રણછોડનગરની ચાલીમાં રહેતો સુબોત કિશોરી પાસ્વાન ધૂળેટીમાં તેના બંને દિકરા સોનુકુમાર અને મોનુકુમાર સોસાયટીના છોકરાઓ સાથે ભેગા મળી ડીજે વગાડી ઉજવણી કરતા હતાં. બપોરે મિથુન ઉદેશી રજંક તથા કરણ દિપક ઠાકુર (બંને રહે. રણછોડનગર, છીરી) એ ધક્કો કેમ માર્યો કહી મોનુ સાથે ઝઘડો કરતો હતો. જેથી પિતા સુબોત વચ્ચે પડતા મિથુન અને દિપક ઉશ્કેરાઈ ગયા હતા અને તેઓએ સુબોત તથા તેના બે દિકરાઓને લાકડાના ફટકા મારતા ઈજાગ્રસ્તને ચલા સીએચસીમાં ખસેડ્યા હતાં. આ બનાવની ફરિયાદ પોલીસ મથકમાં કરી હતી.




# વાપીમાં ‘વિકસિત ભારત યુથ પાર્લામેન્ટ ૨૦૨૬’નો પ્રારંભ

**વિકસિત** ભારત @૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવા યુવાનો રાષ્ટ્રનિર્માણમાં જોડાય : મંત્રી

વાપી : ‘માય ભારત’ વલસાડ દ્વારા વાપીની કે.બી.એસ. કોમર્સ એન્ડ સાયન્સ કોલેજમાં ‘વિકસિત ભારત યુથ પાર્લામેન્ટ ૨૦૨૬’નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે નાણા મંત્રી કનુભાઈ દેસાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

યુવા સંસદીઓને સંબોધતા નાણામંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, “વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ‘વિકસિત ભારત @૨૦૪૭’ના સ્વપ્નને સાકાર કરવામાં યુવાનોની ભૂમિકા સૌથી મહત્વની છે. માય ભારત વલસાડ દ્વારા આ પ્રકારના કાર્યક્રમો થકી યુવાનોમાં લોકશાહીના મૂલ્યો અને નેતૃત્વના ગુણો વિકસાવવા માટે કરવામાં આવેલા પ્રયાસો ખરેખર પ્રશંસનીય છે.” આ યુથ પાર્લામેન્ટમાં વલસાડ જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી આવેલા યુવાનોએ રાષ્ટ્રીય મહત્વના વિષયો પર ગહન ચર્ચા કરી હતી. સ્પર્ધાના અંતે નિર્ણાયકો દ્વારા વિજેતાઓની પસંદગી કરવામાં આવી હતી. આ જિલ્લા કક્ષાના વિજેતાઓ હવે આગામી સમયમાં યોજાનારી રાજ્ય કક્ષાની યુથ પાર્લામેન્ટમાં વલસાડ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. આ પ્રસંગે ભારત સરકારના માય ભારત વિભાગના ડેપ્યુટી ડાયરેક્ટર સચિન શર્માએ યોજનાની રૂપરેખા આપી હતી. VIA ના પ્રમુખ સતિષ પટેલે ઔદ્યોગિક વિકાસમાં યુવા શક્તિના મહત્વ પર ભાર મૂક્યો હતો. ભાજપ વાપી શહેર પ્રમુખ મનિષ દેસાઈએ યુવાનોને સંગઠિત થઈ દેશસેવામાં જોડાવા આહવાન કર્યું હતું.

એજ્યુકેશન ટ્રસ્ટના ટ્રસ્ટી એ.કે. શાહ અને કે.બી.એસ. કોલેજના પ્રિન્સિપાલ પૂનમબેન ચૌહાણ સહિત અન્ય મહાનુભાવો, અધ્યાપકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન અને સંચાલન માય ભારતના સ્વયંસેવક ગણપતસિંહ રાઠોડ અને એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ ખુશ્બુબેન દેસાઈ અને એમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. નોંધનીય છે કે ગણપતસિંહ રાઠોડે અગાઉ ‘વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ ૨૦૨૬’ માં વલસાડ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરી ગૌરવ વધાર્યું છે.

# મારા મિત્રના પૈસા આવવાના છે, તમારા બેંક ખાતાનો ફોટો મોકલો

**સાયબર** ફ્રોડના લાખો રૂપિયાના ટ્રાન્ઝેક્શન મુદ્દે ચણોદના શખ્સ સામે ગુનો

**તપાસમાં** રૂ. 10.64 લાખના શંકાસ્પદ વ્યવહારો મળ્યા

વલસાડ : વાપીના ચણોદ વિસ્તારમાં રહેતા એક શખ્સ દ્વારા પોતાના સંબંધીના બેંક ખાતાનો ઉપયોગ કરી સાયબર ફ્રોડના નાણાં મેળવી, તે રકમ આગળ મળતિયાઓને પહોંચાડવાનું કૌભાંડ બહાર આવ્યું છે. વલસાડ સાયબર ક્રાઈમ પોલીસ મથકના પી.એસ.આઈ. ડેનિસભાઈ પટેલે પોતે ફરિયાદી બની આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પારનેરા પારડી ખાતે રહેતા ઈન્દ્રકલા ગૌતમને પોલીસ મથકે બોલાવી પૂછપરછ કરવામાં આવી હતી. તેમના બેંક ખાતાની તપાસ કરતા અને ‘સમન્વય પોર્ટલ’ પર ચેક કરતા જણાયું હતું કે, ટૂંકા ગાળામાં કુલ રૂ. 10,64,337 જેટલી માતબર રકમનું ટ્રાન્ઝેક્શન થયું છે. પ્રાથમિક તપાસમાં આ તમામ વ્યવહારો ગુનાહિત પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હોવાનું માલૂમ પડ્યું હતું.

ઈન્દ્રકલાની પૂછપરછમાં બહાર આવ્યું કે, તેમના બનેવી સત્યમ વિજયકુમાર સિંઘ (રહે. નીલકંઠ સોસાયટી, ચણોદ) એ નવેમ્બર 2024માં ફોન કરીને જણાવ્યું હતું કે, મારા મિત્રના પૈસા આવવાના છે, તેથી તમારા બેંક ખાતાનો ફોટો મોકલો. વિશ્વાસમાં આવીને ઈન્દ્રકલાએ ખાતાની વિગતો આપતા, અલગ-અલગ તારીખે લાખો રૂપિયા જમા થયા હતા. સત્યમના કહેવાથી આ રકમ ચેક અને એટીએમ દ્વારા ઉપાડીને તેને સોંપી દેવામાં આવી હતી. સત્યમ સિંઘે સાયબર ફ્રોડના નાણાં હોવાની જાણ હોવા છતાં, પ્રત્યક્ષ કે પરોક્ષ નાણાકીય લાભ મેળવવા માટે ભોગ બનનાર લોકોની રકમ ઓનલાઈન જમા કરાવી હતી. આ રીતે છેતરપિંડીના નાણાં સગેવગે કરવાના ગુનામાં પોલીસે સત્યમ વિજયકુમાર સિંઘ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી છે. હાલ પોલીસ આ નાણાં કયા સાયબર ગુનાના છે અને આગળ કોને પહોંચાડવામાં આવ્યા હતા તે દિશામાં તપાસ કરી રહી છે.

# SIA ની ચૂંટણીનું ઔપચારીક મતદાન પૂર્ણ

**નોંધાયેલા** 618 મેમ્બરો મતદારો પૈકી માત્ર 77 જણાએ જ મતદાન કરતા મતદાનની ટકાવારી 12 ટકા નોંધાઈ



ઉમેશ સોલંકી

ઉમરગામ : સરીગામ SIA ની ચૂંટણીની ઔપચારિક મતદાન પ્રક્રિયા સંપન્ન થઈ હતી. 12 જણાને ચૂંટાયેલા જાહેર કરાયા હતા. સરીગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની ચૂંટણીમાં પ્રમુખ તરીકે કૌશિક પટેલ બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. 12 એક્ઝિક્યુટિવ કમિટી મેમ્બરોની બેઠક માટે 13 જણાએ ઉમેદવારી પત્રક ભરતા નીરસ વાતાવરણમાં ઔપચારિકતા પૂરી કરવા માટે 6 માર્ચના શુક્રવારે સવારે 9:00 થી સાંજના 05:00 વાગ્યા દરમિયાન મતદાન પ્રક્રિયા હાથ ધરાઈ હતી. નોંધાયેલા 618 મેમ્બરો મતદારો પૈકી માત્ર 77 જણાએ જ મતદાન કરતા મતદાનની ટકાવારી 12 ટકા નોંધાઈ હતી. સાંજના મત ગણતરી હાથ ધરવામાં આવી હતી અને જાહેર થયેલા પરિણામોમાં વિજેતા ઉમેદવાર આનંદ પટેલ મળેલા મતો 77, દેવાંગ શાહ 77, કમલેશ વસવાણી 77, કિશોર ગજેરા 77, મુકેશ પટેલ 77, નીતિન ઓઝા 77, રાજેશ અઘેરા 77, રાજેશ પંચાલ 77, રતિકાંત તિવારી 77, વિનોદ સીંગ 77, વિવેક દાજી 76, પ્રવિણ પટેલ 73 ને મતો મળતા વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. જ્યારે પંકજ રાયને માત્ર 5 મત મળતા પરાજય થયો હતો.


**જાહેર નોટીસ /સમન્સ - નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં**

જન્મ મરણ નોંધણી અરજી નં.૫૨/૨૦૨૬

અરજદાર : રણછોડભાઈ બાપજીભાઈ ગવળી, રહે.કાકડવેરી, દેશમુખ ફળિયા તા.ખેરગામ જિ.નવસારી

વિરૂધ્ધ

સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,કાકડવેરી તા.ખેરગામ જિ.નવસારી

આ કામના અરજદારશ્રી રણછોડભાઈ બાપજીભાઈ ગવળી રહે. કાકડવેરી, દેશમુખ ફળિયા તા.ખેરગામ જિ.નવસારીએ તેમના પિતા બાપજીભાઈ બુધિયાભાઈ ગવળીનું મરણ મોજે કાકડવેરી તા.ખેરગામ જિ.નવસારી મુકામે તા.૧૮/૦૬/૧૯૯૩ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના મરણની નોંધણી સામાવાળા સમક્ષ થયેલ નહી હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજી કરેલ છે.સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ / સમન્સથી જાણ કરવામાં આવે છે. કે સદર કામે અરજદારની અરજી સામે કોઈના કોઈ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોઈ તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમિયાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઈ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઈ વાંધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

તા. ૫/૩/૨૦૨૬
સ્થળ:વાંસદા

કોર્ટનો સિક્કો

Sd/-
(બી.એલ.માહલા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંસદા